મહત્તમ : ૩૨.૨ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૮ ટકા ● સાંજે ૮૯ ટકા

**ગાંધીનગર તાપમાન**

# કોરોનાકાળમાં સાતમ આઠમના તહેવારો દરમિયાન જનજીવનમાં સુસ્તી

## વિવિધ મંદિરોમાં યોજાતા ભવ્ય ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો પણ નહીં યોજાય : મોટાભાગના મંદિરો પણ બંધ : શોપિંગ બજારોમાં પણ રોનક જોવા મળતી નથી

ગાંધીનગર, તા. ૧૧

શહેરમાં તહેવારોની ઉજવણીનો માહોલ ફીક્કો પડી ગયો છે. કોરોના કાળની શરૂઆતથી જ લોકડાઉનના સન્નાટા બાદ જનજીવન પ્રમાણમાં ધબકતુ થયુ છે. જયારે મંદિરો બંધ રહેવાની સાથે તહેવારો દરમિયાન ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોની ઉજવણીની રોનક પણ ઓસરી ગઈ છે. સાતમ આઠમના તહેવારોમાં ધમધમતા બજારોના લીધે શહેરના જનજીવનમાં પણ રોનક છવાઈ જતી હતી જયારે આ વર્ષે આ દિવસોમાં નગરમાં સુસ્તીનો માહોલ જોવા મળી રહ્યો છે.

કોરોનાનુ સંક્રમણ હજુ કાબુમાં આવ્યુ નથી અલબત્ત કોરોનાનો કહેર યથાવત છે. જયારે કોરોનાના લીધે છેલ્લા ચાર મહીનાથી શાળા કોલેજો ઉપરાંત જરૂરી સેવાઓ પણ બંધ છે. આવા સંજોગોમાં જનજીવન પણ કોરોનાકાળથી વિશેષ પ્રભાવિત છે. કોરોનાના કહેર વચ્ચે પ્રારંભિક તબક્કામાં લોકડાઉન જાહેર કરાયા બાદ રામનવમી , હનુમાન જયંતિ સહીતના વિવિધ ધાર્મિક તહેવારોની ઉજવણી પણ કરવામાં આવી નથી. મંદિરો બંધ હોવાથી ધાર્મિક કાર્યક્રમો સહીત તહેવારોની ઉજવણી પણ થઈ શકી નથી. આવા સંજોગોમાં શ્રાવણ મહીનામાં પણ તહેવારોની મોસમ નિખરે છે. પરંતુ આ વર્ષે સાતમ આઠમની ઉજવણી પણ ઘરોમાં રહીને જ કરવી પડે તેવી સ્થિતિ છે. શહેરમાં કૃષ્ણજન્મોત્સવની વિશેષ ઉજવણી કરવામાં આવે છે. રાત્રિના સમયે રાસ ગરબા , મટકીફોડ , મહાઆરતી સાથે કૃષ્ણજન્મોત્સવ ઉજવાય છે. જેમાં દરવર્ષે વિવિધ ધાર્મિક સ્થાનો પર ભાવિકોની વિશેષ હાજરી હોય છે. રાત્રિના સમયે પણ અનોખી રોનક જોવા મળે છે. જયારે સાતમ આઠમના તહેવારોને અનુલક્ષી બજારોમાં પણ રોનક નિખરે છે. મીઠાઇ ફરસાણ સહીતની દુકાનો પર ભીડ જામે છે. પરંતુ આ વર્ષે કોરોનાના લીધે સઘળા તહેવારોની મજા ફીકી પડી ગઇ છે. ઘરોમાં કેદ નાગરિકો કામ સિવાય બહાર નિકળતા નથી કોરોનાના સંક્રમણથી બચવા માટે પણ આ જરૂરી છે જયારે સાતમ આઠમના તહેવારો દરમિયાન કોરોનાનુ સંક્રમણ ન વધે તે માટે મોટાભાગના મંદિરો પણ બંધ રાખવાનુ નક્કી કરાયુ છે. આવા સંજોગોમાં તહેવારોના દિવસોમાં પણ શહેરના વાતાવરણમાં સુસ્તી જોવા મળી રહી છે. શોપિંગ બજારમાં પણ તહેવારોની સાપેક્ષમાં સદંતર ખાલીપો જોવા મળતો હોય તેવા દ્રશ્યો સર્જાયા છે. શહેરના માર્ગો તેમજ શોપિંગ બજારમાં પણ તહેવારોને અનુલક્ષી જોવા મળતી રોનક અદ્રશ્ય છે. કોરોનાના કહેરથી સૌ કોઈ ભયભીત છે. આગામી દિવસોમાં યોજાનારા ગણેશોત્સવના કાર્યક્રમો પણ રદ કરવામાં આવ્યા છે. અલબત્ત ગણેશોત્સવની ઉજવણી નિમિત્તે પણ સેકટરોમાં શાનદાર આયોજન કરવામાં આવતુ હોય છે.જયારે ભાવિકોની આસ્થાનુ કેન્દ્ર સ્થાન મનાતા ગણેશોત્સવમાં ભકિત ભાવના સાથે યોજાતા સાંસ્કૃતિક કાર્યક્રમો પણ નગરજનો માટે અનોખા આકર્ષણનુ કેન્દ્ર બને છે. પરંતુ કોરોના કાળમાં તહેવારોની મજા છીનવાઈ ગઇ છે. શહેરનુ જનજીવનમાં પણ સુસ્તી છવાયેલી છે.



# નિઃસહાય વૃધ્ધાઓ-વડીલોને કરિયાણાની કીટનું વિતરણ



કોરોના મહામારીના કારણે સમગ્ર અર્થતંત્ર પર ઘેરી અસર થવા પામી છે જેને કારણે મધ્યમ અને નિમ્ન મધ્યમ વર્ગની સ્થિતિ કફોડી થઈ રહી છે. આ સ્થિતિમાં એકલા રહેલા વડીલો તેમજ નિઃસહાય વૃધ્ધાંઓની હાલત તો દયનીય બની રહી છે. આ સ્થિતિમાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી સાથે સંલગ્ન સેવાભાવી દાતાઓ જેવા કે વરિષ્ઠ સેવા કર્મી જે.એન. પરીખ તેમજ એકસ આર્મીમેન રામસિંહભાઈ દ્વારા પ્રાપ્ત દાન થકી ચરેડી તેમજ જીઈબી-પ્રેસ છાપરાં વિસ્તારના ૨૪ નિઃસહાય વડીલોને કરિયાણાની કીટ પુરી પાડવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ઈન્ડિનય રેડક્રોસ સોસાયટીની જિલ્લા શાખા દ્વારા દર માસે નિઃસહાય વડીલોને રૂ. ૭૫૦ની કિંમતની કરિયાણાની કીટ પુરી પાડવામાં આવે છે તેવું સંસ્થાની અખબારી યાદીમાં પ્રમુખ જીલુભા ધાંધલ દ્વારા જણાવાયું છે.

# ગીફટસીટી ઈ-કોમર્સ કંપનીમાં ૮.૫૬ કરોડની ઉચાપતની ફરીયાદ નોંધાઈ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરના અડીને આવેલી ગીફટસીટી ખાતે આવેલી ઈ-કોમર્સ કંપનીના ભુતપૂર્વ એકાઉન્ટન્ટ દ્વારા રૂ. ૮.૫૬ કરોડની ઉચાપત કરવામાં આવી છે. ઉચાપત મુદ્દે કંપનીના મેનેજર પંકીલ જીતેન્દ્રકુમાર ચોકસીએ ડભોડા પોલીસ મથકે ભુતપૂર્વ એકાઉન્ટન્ટ સહિત ૪ સામે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

બનાવની વિગત મુજબ ગીફટસીટી ખાતે ૨૭ માળે એનએસઆઈ ઈન્ફીનિયમ ગ્લોબલ લિમિટેડ કંપની છેલ્લા ચાર વર્ષથી કાર્યરત છે. કંપનીના એકાઉન્ટ વિભાગમાં હેડ તરીકે અમદાવાદના ચિંતન વ્યાસ (રહે.સી-૨૫ આમ્રકુંજ એપાર્ટમેન્ટ મેમનગર) ફરજ બજાવતો હતો. કંપનીના નાણા ચુકવણી માટે ચિંતન વ્યાસ અધિકૃત કરાયો હતો.કંપનીના તમામ વેન્ડરોને તે રૂપીયા ચુકવણી કરતો હતો ત્યારબાદ ૧૪ ઓગસ્ટ ૧૯ ના રોજ ચિંતન વ્યાસે નોકરી છોડી દીધી હતી.ત્યારબાદ વર્ષ ૨૦૨૦ માં જુન માસમાં કંપનીને સામાન પહોંચાડતા વેન્ડર્સે રૂપીયા માંગ્યા હતા, કંપની દ્વારા તપાસ કરવામાં આવતા વેન્ડર્સને રૂપીયાની ચુકવણી થઈ હોવાનું લખેલુ હતું. ત્યારબાદ કંપનીએ બેંક એકાઉન્ટની ઝીણવટભરી તપાસ કરતા માલુમ પડ્યું કે ચિંતન વ્યાસ સહિત પરિવારના એમ.એચ.વ્યાસ, હેમંત વ્યાસ, અને જાનકી વ્યાસના એકાઉન્ટમાં કુલ રૂ.૮.૫૬ કરોડ ટ્રાન્સફર થયા છે. કંપની દ્વારા ચિંતન વ્યાસને બોલાવી આકરી પુછપરછ કરતા તેણે ઉચાપત કરી હોવાનું જણાવ્યું હોવાનો ફરીયાદમાં દાવો કરવામાં આવ્યો છે. ત્યારબાદ એકાઉન્ટન્ટે રૂપીયા પરત આપવાની ખાતરી સાથે સોંગંદનામુ પણ કરી આપ્યું હતું.પરંતુ રૂપીયા ન મળતા કંપનીના મેનેજરે ડભોડા પોલીસ મથકે ઉચાપત, છેતરપિંડીની ફરીયાદ નોંધાવી છે.



કોરોના વાયરસ સંક્રમણના કેસોની સંખ્યા દિન પ્રતિદિન વધતી જોઈ રાજય સરકાર ચિંતિત બની છે. વડાપ્રધાનથી માંડીને મુખ્યમંત્રી દ્વારા નાગરિકોને કોરોનાથી બચવા ‘દો ગજ કી દૂરી, માસ્ક હે જરૂરી’નું પાલન કરવા વારંવાર અનુરોધ કરતા રહ્યા છે છતાં અનેક નાગરિકો દ્વારા તેની ગંભીરતા તરફ દુર્લક્ષ બની માસ્ક પહેરવા બાબતે ઉદાસીનતા દાખવવામાં આવી રહી હતી. ના છુટકે રાજય સરકાર દ્વારા માસ્ક નહીં પહેરવા બદલ દંડની રકમ વધારીને રૂ. ૧ હજાર કરી દેવામાં આવી છે. આટલા આકરા દંડની જાહેરાત સાંભળીને મોટાભાગના નાગિરકો દંડની બીકે પણ હવે માસ્ક પહેરતાં થયા છે, પેલું કહેવાય છે ને કે ‘જે વાર્યા ના વળે તે હાર્યા વળે’ સરકારના તેવર જોઈને માસ્ક સાથે વાહનચાલકો હેલ્મેટ પણ પહેરવા લાગ્યા છે.



# મંદીમાં મોબાઈલ રીપેરર્સને તડાકો

## મોબાઈલ બગડવાની સમસ્યાઓ વધી પડતાં મોબાઈલધારકો પરેશાન

ગાંધીનગર, તા.૧૧

છેલ્લા ત્રેક દિવસથી ગાંધીનગરમાં ચોમાસાની ઋતુ બરાબર જામી છે અને શ્રાવણના સરવરિયાં વરસી રહ્યા હોવાથી નગરિકોમાં પ્રસન્નતાની લહેર જોવા મળી રહી છે. જો કે આ સ્થિતિમાં પણ કેટલાંક નાગરિકો વરસાદનો કારણે સર્જાયેલા ભેજવાળા વાતાવરણથી મુશ્કેલીમાં મુકાયા છે અને પરેશાનીનો ભોગ બન્યા છે કેમ કે તેમના સ્માર્ટફોન ભેજ કે વરસાદી પાણી લાગવાને કારણે બંધ થઈ જવા પામ્યા છે. શહેરમાં હાલ મોબાઈલ રીપેરીંગ ધારકોને આ કારણે તડાકો જોવા મળી રહ્યો છે અને આ કારીગરો પાસે મંદીની મૌસમમાં પણ ભરપૂર કામનું ભારણ અનુભવાઈ રહ્યું છે.

એક તરફ ચારેકોર કોરોના મહામારીના કારણે વેપાર ધંધા ઠપ્પ હોવાની અને મંદીની ઘેરી અસર હોવાની રાવ ઉઠવા પામી રહી છે.



શહેરના મોટા મોટા શો રૂમ ધારકો તેમજ દુકાનદારો કોરોનાને કારણે વેપાર પર ખૂબ અસર પડી હોવાની અને ઘરાકી નહીં હોવાની ફરિયાદો કરી રહ્યા છે જેના કારણે તેમને આર્થિક નુકસાન સહન કરવું પડી રહ્યું હોવાનું પણ જણાવી રહ્યા છે. મંદીની અસર તળે એક તબક્કે પુરબહારમાં ખિલેલો સ્માર્ટ ફોન વેચાણનો ધંધો પણ અત્યારે કપરી પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યો હોવાની સ્થિતિ છે પરંતુ બીજી તરફ શહેરમાં અત્યારે સ્માર્ટ ફોન મોબાઈલ રીપેરીંગ કરનારાઓ માટે જાણે તેજી આવી છે. અત્યારે શહેરના મોટાભાગના મોબાઈલ રીપેરર્સ પાસે ભરપુર કામ પડયું છે. જેમાં સૌથી વધુ ફરિયાદ વરસાદી પાણી કે ભેજ લાગવાથી સ્માર્ટ ફોન બગડી ગયો હોવાની મળી રહી છે. અત્યારે અનેક નાગરિકોના ફોનમાં ઓફિસે કે દુકાને આવતા જતા કે અન્ય કારણોસર વરસાદથી પલળવાને કારણે અથવા વરસાદી વાતાવરણમાં ભેજ લાગવાથી ટચ સ્કીન બંધ થઈ ગયા હોવાની ફરિયાદો સર્જાઈ રહી છે. આ કારણે મોબાઈલ રીપેરીંગની દુકાને ઘરાકોની ભીડ જોવા મળી રહી છે અને સ્માર્ટફોન બંધ થઈ જવાથી મોબાઈલધારકોના કામકાજ અટકી પડેલાં અનુભવાઈ રહ્યા છે. અને તેમના ફોન રીપેર થવામાં બે થી ત્રણ દિવસનો સમય લાગી રહ્યો છે કેમ કે કારીગર નવરાં નથી પડી રહ્યાં.

# જિલ્લા વહીવટી તંત્ર અને વિવિધ શૈક્ષણિક સંગઠનો દ્વારા સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે રકતદાન શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૧૧

૭૪ મા સ્વાતંત્ર્ય પર્વની રાજય કક્ષાની ઉજવણી ગાંધીનગર શહેર સેન્ટ્રલ વિસ્ટા ખાતે થનાર છે. આ કાર્યક્રમ અંતર્ગત જિલ્લા વહીવટી તંત્ર, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરી, જિલ્લાના વિવિધ શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક સંગઠનોના સંયુક્ત ઉપક્રમે રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ રકતદાન શિબિર તા. ૧૪મી ઓગષ્ટના રોજ સવારના ૯.૦૦ કલાકે રેડિયન્ટ સ્કુલ, ટી.પી.-૯, પ્લોટ નંબર- ૧૩૧, સરગાસણ ખાતે યોજાશે. કોવિડ ૧૯ અંતર્ગત રકતદાન કેમ્પના સ્થળ પર સોશિયલ ડિસ્ટન્સ રાખવું અને માસ્ક પહેરવું ફરજીયાત છે. તેમજ સરકારશ્રી તરફથી Covid-૧૯ ની વખતોવખતની અન્ય ગાઈડ લાઈનનું પણ પાલન કરવાનું રહેશે. તેવું જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ જણાવ્યું છે.

# એક વર્ષથી માવજત કરીને ઉછેરેલાં વૃક્ષોને અસામાજિક તત્વો દ્વારા ભારે નુકસાન !!

## સે-૨૩માં નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર સામે કરવામાં આવેલા વૃક્ષારોપણને અજાણ્યા તત્વોએ નુકસાન પહોંચાડયું

## એક જ સપ્તાહમાં શહેરમાં વૃક્ષારોપણને નુકસાન પહોંચાડવાની બીજી ઘટનાથી પ્રકૃતિપ્રેમીઓ ચિંતિત બન્યા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરમાં છેલ્લા ત્રણ ચાર દિવસમાં બનેલી બે ઘટનાઓએ ભારે આશ્ચર્ય ઉભું કર્યું છે. હજુ ત્રણેક દિવસ પહેલાં કુડાસણની ઉમિયાધામ સોસાયટીમાં પ્રકૃતિ પ્રેમી રહીશો દ્વારા કરવામાં આવેલા વૃક્ષારોપણને કેટલાંક શખ્સો દ્વારા ઉખાડીને ફેંકી દેવાની ઘટના બની હતી. હજુ તો આ ઘટનાની શાહી સુકાઈ નથી ત્યાં તો સેકટર-૨૩માં નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા એક વર્ષની જહેમતથી ઉગાડવામાં આવેલા વૃક્ષોના છોડ અને આ વર્ષે વાવવામાં આવેલા છોડને નુકશાન પહોંચાડવામાં આવ્યું છે. કોઈ અજાણ્યા તત્વો દ્વારા કરવામાં આવેલી આ પ્રકૃતિ વિરોધી પ્રવૃત્તિથી શહેરના પ્રકૃતિ પ્રેમીઓમાં ભારે આઘાત સાથે આશ્ચર્યની લાગણી પ્રસરવા પામી છે.

સમગ્ર વિશ્વમાં સતત કપાતા જતા વૃક્ષોને કારણે વાતાવરણમાં કલાઈમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગ જેવી સમસ્યાઓ વકરવા પામી છે



જે પ્રત્યે કેટલાંક વર્ષોથી જનજાગૃતિ વધતી જણાઈ રહી છે. ખાસ કરીને ગાંધીનગર પહેલેથી પ્રકૃતિપ્રેમી નાગરિકોની વસતી ધરાવતું શહેર રહ્યું છે અને જેના કારણે શહેરમાં વિકાસ કાર્યો માટે પણ કરવામાં આવતા વૃક્ષછેદન સામે વિરોધના સૂર ઉભા થતાં રહ્યા છે. હાલ ચોમાસાની ઋતુમાં શહેરમાં પ્રકૃતિપ્રેમી નાગરિકો દ્વારા વૃક્ષારોપણની પ્રવૃત્તિ પણ નોંધપાત્ર રીતે કરવામાં આવી રહી છે તેવામાં કોઈ નાગરિક વૃક્ષારોપણ કરેલ છોડવાંને નુકશાન પહોંચાડે કે ઉખાડી ફેંકી દે તેવી ઘટન તમામ માટે આશ્ચર્ય સાથે આઘાતજનક પણ છે. સેકટર-૨૩માં નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના કાર્યાલય સામે ગત વર્ષે ૩૦૦ જેટલાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું અને આ વૃક્ષોનું કાળજીપૂર્વક જતન પણ કરાઈ રહ્યું છે. વળી તાજેતરમાં આ વર્ષે તે વૃક્ષોના વધામણાંનો કાર્યક્રમ કરીને વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું પરંતુ ગઈકાલે આ વૃક્ષોને કોઈ અજાણ્યા તત્વો દ્વારા ભારે નુકસાન પહોંચાડવામાં આવ્યું છે. આ તત્વો દ્વારા આશરે ૨૦ જેટલા લીમડાના છોડને તોડી નાંખવામાં આવ્યા છે અથવા તેના મુખ્યડાળા ભાંગી નાખી ફેંકી દેવામાં આવ્યા છે. સામાન્ય રીતે વાંદરાઓ અને અન્ય પશુઓ દ્વારા કયારેક છોડને નાનું મોટું નુકસાન પહોંચાડવામાં આવતું હોય છે પરંતુ આ જે નુકસાન થયું છે તે કોઈ વાનર કે પશુ દ્વારા નહીં પરંતુ અસામાજિક તત્વો દ્વારા જ કરવામાં આવ્યું હોય તે સ્પષ્ટ જણાઈ આવે છે.

વૃક્ષોને પહોંચાડવામાં આવેલા નુકશાન અંગે નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા બોરીજ રેન્જના પરિક્ષેત્ર વન અધિકારીને તથા વન અને પર્યાવરણ મંત્રી, જિલ્લા કલેકટર, મુખ્ય વન સંરક્ષક, જિલ્લા પોલિસ અધિક્ષક, મહાનગરપાલિકા કમિશનરને લેખિત જાણ કરવામાં આવી છે. આ ઘટનાથી શહેરના પર્યાવરણ પ્રેમી નાગરિકોમાં નિરાશા અને અરેરાટી વ્યાપી છે. અને વન વિભાગ દ્વારા આ માટે જવાબદાર તત્વોને શોધી સજા કરાય તેવી માંગ પ્રવર્તી રહી છે.

### પ્રકૃતિ વિરોધી આ ઘટના અંગે કોઈ ઠોસ કાર્યવાહી થશે?

**નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા આયોજિત ‘વૃક્ષોના વધામણાં’ કાર્યક્રમમાં ગાંધીનગરના મેયર સાથે પર્યાવરણ પ્રેમી ડેપ્યુટી મેયર પણ ઉપસ્થિત રહ્યા હતા અને મેયર રીટાબેન પટેલે તેમના સંબોધનમાં મનપા શહેરને ફરી ગ્રીન સિટીનું બિરૂદ પ્રાપ્ત થાય તે માટે કટિબદ્ધ હોવાનું જણાવ્યું હતું. આ સ્થિતિમાં શહેરમાં બનેલી આ પ્રકૃતિ વિરોધી ઘટનાઓ પ્રત્યે કોઈ ઠોસ કાર્યવાહી તેમજ શહેરમાં પ્રકૃતિપ્રેમીઓ દ્વારા કરવામાં આવતા વૃક્ષારોપણના છોડને સલામતી મળે તે માટે ટ્રી ગાર્ડથી માંડીને સુરક્ષાના પગલાં લેવામાં આવશે કે કેમ તેની પ્રકૃતિપ્રેમીઓ અપેક્ષા રાખી રહ્યાં છે.**

## ચિરવિદાય

- સ્વ. શીવરામભાઈ માધાભાઈ ઠાકોર, ઉ.વ. ૨૬, સેકટર-૨૮, છાપરાં
- સ્વ. જશોદાબેન પ્રહલાદભાઈ પંડયા, ઉ.વ. ૭૨, સેકટર-૩, ગાંધીનગર
- સ્વ. બાબુજી દિપકજી ઠાકોર, ઉ.વ. ૧૫, મુ. ગલુદણ, તા.જી. ગાંધીનગર
- સ્વ. અમૃતભાઈ કચરાભાઈ નાયી, ઉ.વ. ૮૦, સેકટર-૨૪, ગાંધીનગર
- સ્વ. મહેશભાઈ બાબુભાઈ પટેલ, ઉ.વ. ૫૩, શાહીબાગ, અમદાવાદ
- સ્વ. પટેલ મુળજીભાઈ અંબુભાઈ, ઉ.વ. ૮૬, મુ. ગોરા, તલોદ, જી. સાં.કાં.
- સ્વ. મુકતા શર્મા, ઉ.વ. ૫૫, સેકટર-૨૯, ગાંધીનગર
- સ્વ. પટેલ કાન્તાબેન વિનોદભાઈ, ઉ.વ. ૬૨, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. વિનોદકુમાર હરીબવંશ સિંહ, ઉ.વ. ૩૧, મોટેરા, અમદાવાદ